**<u>આમોદના મહે.જ્યુડી. મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ જજ સાહેબશ્રીની કોર્ટમાં,</u>**
**<u>મુકામ–આમોદ.</u>**

**ફોજદારી કેસ નં. ૧૭૧/૨૦૨૬**

**આંક –**

ફરીયાદી:– **સરકારશ્રી,**

વિરૂદ્ધ

આરોપી :– **(૧) સતીષભાઇ ચંદુભાઇ વસાવા**
રહે. દોરા ગામ, નવી નગરી, તા. આમોદ,
જી. ભરૂચ.

---

**ગુનો – પ્રોહિબીશન એક્ટની કલમ – ૬૫(એ)(એ), ૮૧ મુજબ...**

---

**<u>-- ઠરાવ --</u>**

**(૧)** ફરિયાદી પક્ષનાં કેસની વિગત ટુંકમાં એવી છે કે, આ કામના આરોપી તા. ૧૯/૧૨/૨૦૨૪ ના રોજ કલાક ૧૯–૩૦ વાગે દોરા ગામ, નવી નગરી ખાતે આ કામના કા.સ.બા. વિવેકભાઇ સતિષભાઇ વસાવા તથા સતિષભાઇ ચંદુભાઇ વસાવા નાઓ ગેરકાયદેસરનો વગર પાસ પરમીટ નો ભારતીય બનાવટનો વિદેશી દારૂની ALL SEASONS GOLD COLLECTION RESERVE WHISKY ની ૧૮૦ મી.લી. ની બોટલ નંગ–૧, કિંમત રૂ. ૧૦૦ ની વેચાણ કરવાના ઈરાદે રાખી કા.સ.બા. સ્થળ ઉપર હાજર મળી આવી તથા સતિષભાઇ ચંદુભાઇ વસાવા નાસી જઇ, પોહિબીશન એકટની કલમ–૬૫(એ)(એ), ૮૧ મુજબ ગુન્હો કરેલ. જેથી આમોદ પો.સ્ટેશન માં આરોપી વિરૂદ્ધ ગુનો દાખલ કરવામાં આવેલ અને તે મુજબના ગુન્હાનું ચાર્જશીટ ત.ફ.અમલદાર દ્વારા અત્રેની કોર્ટમાં કરવામાં આવેલ છે.

**(૨)** આ કામમાં આરોપી અદાલત સમક્ષ હાજર થતાં તેમને પોલીસ

તપાસના ચાર્જશીટની નકલો ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૨૩૦ અન્વયે વિના મુલ્યે આપ્યા બાદ આરોપી સામે આંક–૦૩ થી તહોમતનામું ફરમાવવામાં આવેલ છે અને ત્યારબાદ આરોપીનું આંક–૦૪ થી નિવેદન લેતાં આરોપીએ ગુન્હો કરેલ હોવાનો ઈન્કાર કરેલ છે. જેથી ફરીયાદપક્ષે પુરાવો નોંધવામાં આવેલ છે.

**(૩)** સદર કામે ફરીયાદ પક્ષ તર્ફે રજુ કરાયેલ લેખિત અને મૌખિક પુરાવાને ધ્યાને લેતાં, આરોપીનું ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૩૫૧ મુજબનું નિવેદન નોંધવું અત્રેની કોર્ટને જરૂરી નહી લાગતા, આરોપીનું વધારાનું નિવેદન લેવામાં આવેલ નથી. વળી, સદર નિવેદન ન લેવાથી આરોપીના અધિકારને કોઈ પ્રેજયુડાઈશ થાય તેમ કોર્ટને જણાતું નથી.

**(૪)** આ કામમાં ફરીયાદ પક્ષ તર્ફે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

| **મૌખિક તેમજ દસ્તોવજી પુરાવા** | | |
|---|---|---|
| **અનુ. નં.** | **વિગત** | **આંક** |
| ૧. | ત.ક. અમલદાર એ.એસ.આઇ. પ્રકાશ દગડુરાવ ની જુબાની | ૦૫ |
| ૨. | ફરીયાદ | ૦૬ |
| ૩. | પંચ સાહેદ શૈલેષ બેચરભાઇ પરમાર | ૦૭ |
| ૪. | પંચનામું | ૦૮ |

**(૫)** આ કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**મુદ્દા**

(૧) શું ફરીયાદપક્ષ પુરવાર કરે છે કે, આ કામના આરોપી તા.

૧૯/૧૨/૨૦૨૪ ના રોજ કલાક ૧૯–૩૦ વાગ્યે દોરા ગામે નવી નગરી ખાતે ગેરકાયેદસરનો વગર પાસ પરમીટ નો ભારતીય બનાવટનો વિદેશી દારૂ વેચાણ કરવાના ઈરાદે રાખી કા.સ.બા. સ્થળ ઉપર હાજર મળી આવી તથા આરોપી સતિષભાઈ નાઓ નાસી જઈ ગુનો કરી, પોહિબીશન એકટની કલમ–૬૫(એ)(એ) મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દા પરત્વેના નિર્ણય નીચે પ્રમાણે છે.

૧. નકારમાં

૨. આખરી હુકમ મુજબ

**<u>––કારણો ––</u>**

(૭) આ કામે ફરીયાદ પક્ષ તર્ફે આંક–૦૫ થી ત.ક. અમલદાર એ.એસ.આઈ. પ્રકાશ દગડુરાવ નાઓને તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની સરતપાસમાં તેમણે સદર કામે કરેલ તપાસ અને થયેલ ગુના અંગે જુબાની આપેલી છે. વળી, તેઓ પોતાની ઉલટતપાસમાં કબુલ કરેલ છે કે, **સદર કામે એફ.એસ.એલ. રીપોર્ટ રજુ કરેલ નથી અને સદર કામે સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલ નથી.**

(૮) આ કામે ફરીયાદ પક્ષે આંક–૦૮ વાળુ રેઈડ અંગેનું પંચનામું પુરવાર કરવા માટે પંચ સાહેદ શૈલેષ બેચરભાઈ પરમાર નાઓને આંક–૦૭ થી તપાસવમાં આવેલ છે. તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, **થોડા સમય પહેલું આમોદ પો.સ્ટે. કામ અર્થે ગયેલ ત્યારે પોલીસે બોલાવી એક તૈયાર કાગળમાં સહી કરાવેલ અને આ સહી કઈ બાબતની હતી તે જણાવેલ નહી, આ સિવાય બીજું કાંઇ જાણતો**

**નથી.**

આમ, સદર પંચ સાહેદે ફરીયાદ પક્ષના પંચનામાની હકિકતને લેશમાત્ર સમર્થન કરેલ નથી.

(૯) વળી, રજુ થયેલ પુરાવો જોતાં નામદાર કોર્ટને સદર કામે અન્ય કોઇ વધુ સાક્ષી તપાસવાથી ફળદાયી પરિણામ આવે તેવુ જણાઇ આવેલ નહી. જેથી નામદાર કોર્ટનો સમય વેડફાય નહી અને સદર કામે ઝડપી નિકાલ આવે તે હેતુથી અન્ય કોઇ સાક્ષીને તપાસેલા નથી.

(૧૦) આમ, સદર કામે ફરીયાદ પક્ષ દ્વારા રજુ કરવામાં આવેલ, પુરાવાઓનું મુલ્યાંકન કરવામાં આવે તો, સદર કામે પ્રમાણિત ટેસ્ટીંગ લેબોરેટરી તરફથી પકડાયેલ પ્રવાહી નશાકારક છે કે નહી ? તે અંગેનો કોઇ રીપોર્ટ ફરીયાદપક્ષ દ્વારા અત્રેની અદાલતમાં રજુ કરવામાં આવેલ નથી. જેથી પકડાયેલ પ્રવાહી નશાકારક હતુ કે નહી તે પણ ચોક્કસ પણે માની ન શકાય, સદર કામે તમામ સાહેદો પોલીસ સાહેદો છે. જેથી ફક્ત તેઓના નિવેદનોને ધ્યાને લઇ સદર કામના આરોપીને સદર ગુન્હા માટે તકસીરવાન ઠરાવવાનું અત્રેની અદાલતને યોગ્ય લાગતુ નથી. આમ, ફરીયાદ પક્ષ હાલના આરોપી વિરૂદ્ધ આક્ષેપાયેલ ગુન્હો શંકાથી પર સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ હોય, જેથી **મુદ્દા નં. ૦૧** નો જવાબ **નકારમાં** આપી, **મુદ્દા નં. ૦૨** પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## //આખરી હુકમ//

(૧) આ કામના આરોપીને પ્રોહિબીશન એકટ કલમ–૬૫(એ)(એ), ૮૧ મુજબના શિક્ષાને પાત્ર ગુન્હામાંથી શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

રવિકુમાર આર. પરમાર
જ્યુડી. મેજી. ફ. ક., આમોદ.

(૨) આ કામે આરોપીએ અગાઉ આપેલ જામીન અપીલ સમય સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે. અને જો સદર જામીનદાર હવે પછી સદર કામના આરોપીના જામીન તરીકે રહેવા માંગતા ન હોય, તો તેઓ અત્રેની અદાલતમાં યોગ્ય અરજી કરી શકશે.

(૩) મુદ્દામાલ દારૂનો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા. ૩૦ મી, માહે મે, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૩૦/૦૫/૨૦૨૬
સ્થળઃ આમોદ

(રવિકુમાર આર. પરમાર)
જ્યુડી. મેજી. ફ.ક.
આમોદ.
કોડ–જી.જે. ૦૧૬૦૩

સ્ટેનો–એ.યુ. ગોહેલ

રવિકુમાર આર. પરમાર
જ્યુડી. મેજી. ફ. ક., આમોદ.